| | | | |
|---|---|---|---|
| અરજી દાખલ થયા તા. | ૦૨–૦૩–૨૦૨૬ | | |
| અરજી રજીસ્ટરે નોંધ્યા તા. | ૦૨–૦૩–૨૦૨૬ | | |
| અરજી ફેંસલ કર્યા તા. | ૦૯–૦૩–૨૦૨૬ | | |
| સમયગાળો | વર્ષ | માસ | દિવસ |
| | – | – | ૦૭ |

**સુરેન્દ્રનગરના મે.છઠ્ઠા એડીશ્નલ સેશન્સ જજ સાહેબની કોર્ટમાં,**
**મુ.સુરેન્દ્દનગર**

**ફોજદારી પરચુ. અરજી નં.૨૨૫/૨૦૨૬**

**આંક: ૦૮**

**અરજદાર : જુનેદભાઈ જાવેદભાઈ જીંદાણી**
ઉ.વ.આ.૨૬, ધંધો: પ્રા.નોકરી
રહે. લક્ષ્મીપરા શેરી નં.૩,સુરેન્દ્દનગર.
હાલ: સુરેન્દ્દનગર સબ જેલ

**વિરૂઘ્ધ**

**સામાવાળા : શ્રી સરકાર**

-----------------------------------

**વિષય::– બી.એન.એસ.એસ. કલમ–૪૮૨ મુજબ જામીન અરજી.**

-----------------------------------

| | |
|---|---|
| અરજદાર/આરોપી તરફે | વિ.વ.શ્રી એમ.આર.ભટ્ટી |
| સામાવાળાશ્રી સરકાર તરફે | વિ.એ.પી.પી.શ્રી એમ.પી.સભાણી |

-----------------------------------

**–:: ઠ રા વ ::–**

**(૧) ફરીયાદ પક્ષના કેસની ટુંકમાં હકીકત :–**

**૧.૧)** આ કામમાં જે એફ.આઈ.આર. રજુ છે તેમાં કોલમ નં.૧૨ માં નીચે મુજબની હકીકત જણાવેલ છે.

'' તે એવી રીતે કે આ કામે આર.બી.એસ.જી કેપીટલ પ્રા.લી. ફાયનાન્સ કંપનીની સુરેન્દ્રનગર બ્રાન્ચમાં ડી.એસ.એ તરીકે કામ કરતા (૧)

કામીલખાન મહેબુબખાન કોટવાલ તથા (૨) ઇકબાલભાઈ રહીમભાઈ મેમણ તથા બ્રાન્ચમાં સેલ્સ એકજીક્યુટીવ તરીકે કામ કરતા કર્મચારી (૩) જુનેદભાઈ જાવેદભાઈ જીદાણી વાળાઓએ ભેગા મળી અલગ અલગ ગ્રાહકોની તેઓના જુના વાહનો ઉપર આર.બી.એસ.જી કેપીટલ પ્રા.લી. ફાયનાન્સ કંપનીની સુરેન્દ્રનગર બ્રાન્ચમાં લોન કરાવી અલગ અલગ ગ્રાહકોના લોનના નાણા આરોપીઓ (૧) કામીલખાન કોટવાલ નાઓએ કુલ રૂા.૨૪,૪૦,૦૦૦/- તથા (૨) ઇકબાલભાઈ મેમણ નાઓએ કુલ રૂ|.૧૦,૯૦,૦૦૦/- તથા (૩) જુનેદભાઇ જીંદાણી નાઓએ કુલ રૂા.૬૩,૭૭૪/- પોતાના ખાતાઓમાં મેળવી લઈ ગ્રાહકોને લોનના નાણા નહી આપી તેમજ ગ્રાહકોની લોનના હપ્તા પોતે મેળવી પોતાના અંગત ફાયદામાં લઈ ગ્રાહકોના હપ્તા નહી ભરી ગ્રાહકો તેમજ કંપની સાથે કુલ રૂા.૩૫,૯૩,૭૭૪/- ની રકમનો ગુનાહિત વિશ્વાસઘાત કરી ગુનો કર્યા બાબત.''

**૧.૨)** ઉપરોકત હકીકત બાબતે સુરેન્દ્દનગર સીટી 'બી' ડીવીઝન પોલીસ સ્ટેશન ગુ.ર.નં.નં.૧૧૨૧૧૦૫૬૨૬૦૧૫૭/૨૬ થી બી.એન.એસ. કલમ- ૩૧૬(૫),૫૪ મુજબનો ગુનો રજીસ્ટર થયેલ છે અને તે ગુનામાં ધરપકડની દહેશતે અરજદારે હાલની આગોતરા જામીન અરજી બી.એન.એસ.એસ.ની કલમ-૪૮૨ મુજબની કરવામાં આવેલ છે.

## (૨) જામીન અરજીની હકીકત :

આરોપી તરફે જામીન અરજીમાં નીચે મુજબની હકીકત જણાવેલ છે.

૨.૧) અમો અરજદાર તદન નિર્દોષ છીએ, તેમજ અમો અરજદારે ગુજરાત રાજય કે અન્ય કોઈ રાજયોમાં કોઈ પણ ગુન્હો કરેલ નથી. તેમજ અમો અરજદાર સુરેન્દ્રનગરના નિત્ય નિવાસી છીએ, અમો અરજદાર કુટુંબ કબિલાવાળા માણસ છીએ. તેમજ લક્ષ્મીપરા, શેરી નં -૩, સુરેદ્રનગર મુકામે સ્થાવર તેમજ જંગમ મિલ્કતો ધરાવી છીએ. જેથી

ક્યાંય નાશી ભાગી જાય તેમ નથી.

૨.૨) અરજદાર પ્રથમ દર્શનિય રીતે પણ અમો બી એન એસ કલમ ૩૧૬(૫),૫૪ ની અટકાયતીની મુજબના ગુન્હા સંદર્ભે ના ગુન્હામાં સંકળાયેલા નથી કે આ ગુન્હા બારામાં કાંઈ જાણતા નથી.

૨.૩) અમો અરજદાર આમારા કુટુંબમાં એક માત્ર કમાવનાર વ્યકિત છીએ. અમો અરજદારના કુટુંબમાં અમોના પત્ની, એક બેન તથા માતા–પિતાનો સમાવેશ થાય છે. અમો અરજદારના પત્નીની તથા બેનની તથા માતા–પિતાની દેખભાળ રાખનાર કે સારસંભાળ રાખનાર અમો અરજદાર સિવાઈ અન્ય કોઈ વ્યકિત નથી.

૨.૪) આ કામના અરજદારને આગોતરા જામીન પર મુક્ત કરતી વખતે નામદાર અદાલત તરફથી જે કોઈ શરતો ફરમાવવામાં આવશે તેનું ચુસ્ત પણે પાલન કરશે તેની આથી આ કામના અરજદાર બાંહેધરી આપે છે. તેમજ સાક્ષી પુરાવાને ચેડા કરશે નહી કે ફોડશે નહી કે તેવા કોઈ ગેરકાનુની કાર્યો કરવાનો પ્રયત્નો કરશે નહિ તેમજ પોલીસ તપાસમાં પણ પુરતો સાથ અને સહકાર આપશે તેવી અરજદાર બાહેંધરી આપે છે. જો આ કામના અરજદારને કોઈપણ કારણસર જેલમાં જવું પડે તો અરજદારનું ઘર તદ્દન ભાંગી જાય તેવી પરિસ્થિતમાં છે. આર્થિક તેમજ માનસિક તેમજ શારીરિક રીતે બહુ મોટી નુકશાની થાય તેમ છે. તેથી અરજદારને આગોતરા જામીન યોગ્ય શરતે આપવા નમ્ર અરજ છે.

૨.૫) અમો આ કામના અરજદાર પ્રાઈવેટ નોકરી કરી અમો અમારું તથા અમારા પરિવારનુ ગુજરાન ચલાવીએ છીએ અને આવો કોઈ ગુન્હો કરેલ જ ન હોય અને ખરી હકીકતે એફ.આઈ.આર.માં જોવામાં આવે તો તેમાં સ્પષ્ટપણે એવું લખવામાં આવેલ છે કે, બનાવ તા:–૩૦/૦૩/૨૦૨૪ ના રોજ થી આજ દિન સુધી નો હોય તેમજ અમો અરજદારનો કોઈ પણ જગ્યાએ સ્પસ્ટ ઉલ્લેખ કરવામાં આવેલ ન હોય અરજદાર / આરોપી કાંઈ જાણતા ન હોય તેમજ અમો અરજદાર બનાવ સ્થળે હાજર પણ ન હોય, પોલીસ દ્વારા અમોની ખોટી

સંડોવણી કરવામાં આવેલ હોઈ તેવી દહેશત હોય જેથી હાલની આ આગોતરા જામીન અરજી કરવાની ફરજ પડેલ છે.

૨.૬) હાલના ગુન્હાના કામે જોવામાં આવે તો પોલીસ દ્બારા અમોને અમારી હાલના ગુન્હામાં ધરપકડ કરવા માટે કયા પુરાવાનો આધાર રાખે છે તેવું પણ જણાવેલ નથી તેમજ કોઈ ઠોસ પુરાવો આ ફરિયાદમાં રજુ રાખેલ નથી કે દર્શાવેલ નથી. એફ.આઈ.આર.માં જયારે ફરિયાદીનું નિવેદન જોવામાં આવે તેમાં પણ સ્પષ્ટ દેખાઈ આવે છે કે, ફરિયાદી પોતે ફરિયાદ માં જણાવે છે કે " સુરેદ્રનગર બ્રાન્ચ એરીચા મેનેજર નાશીર ઈકબાલભાઈ શેખ નાઓ સાથે ફરિયાદ કરવા આવી ફરીયાદ આપેલ છે." અમો અરજદારે ઉપરોક્ત નાશીર ઈકબાલભાઈ શેખ તેમજ અન્ય કર્મચારીઓ વિરુધ્ધ તા:–૩૦/૧૨/૨૦૨૫ ના રોજ એ ડિવીઝન ફરિયાદ આપેલ.

૨.૭) જયાં સુધી કોઈપણ વ્યકિત સામેના આરોપો પુરવાર ન થાય ત્યાં સુધી તેને નિર્દોષ જ માનવો જોઈએ. તેવો ભારતીય ફોજદારી ન્યાયશાસ્ત્રનો સિધ્ધાંત છે અને તે સિધ્ધાંત આગોતરા જામીનના તબકકે પણ લાગુ પડે છે. તેવું નામદાર સુપ્રિમ કોર્ટે ગુરૂબક્ષસિંહ સિબિયાના કામમાં ઠરાવેલ છે. જે ચુકાદાના સિધ્ધાંતો ધ્યાને લેવા પણ અરજદારો આગોતરા જામીન ઉપર મુક્ત થવા હકકદાર છે.

(૩) **ત.ક.અમલદારનું સોગંદનામુ ::–** તપાસ કરનાર અમલદારે **આંક– ૦૭** થી સોગંદનામુ રજુ કરેલ છે જેમાં મુખ્યત્વે એવી રજુઆત કરેલ છે કે,....

૩.૧) વધુમાં,આ કામના આરોપી જુનેદભાઈ જાવેદભાઈ જીંદાણી વાળાઓ કસ્ટમરોને સારી રીતે ઓળખતા હોય અને જે તમામ કસ્ટમરો જુનેદભાઈ જાવેદભાઈ જીંદાણી દ્બારા લોન કરાવવા આવેલ હોય અને જેઓના લોનના જરૂરી ડોક્યુમેન્ટ મેળવી લોનની પ્રોસેસ કરી લોન એપ્રુવ કરાવી લોનના તમામ પૈસા પ્રથમ હાલના અરજદાર/આરોપી કામીલખાન કોટવાલના ખાતામાં જમા કરાવી જે તમામ પૈસા આરોપી જુનેદભાઈ મારફતે અન્ય ખાતામાં ટ્રાન્સફર કરાવી લોનના પૈસા હડપ

કરી નાખી કસ્ટમરોને કોઈ પણ બહાના બતાવી લોન એપ્રુવ નહી થયેલાનું જણાવતા પરંતુ જયારે કસ્ટમરોને લોનના હપ્તો ભરવા માટે કંપની તરફથી ફોન જાય ત્યારે કસ્ટમરોને લોન થયેલાની હકીકત જાણવા મળતી હોય આમ કસ્ટમરોને અંધારામાં રાખી લોનના પૈસા હાલના અરજદાર/આરોપી તેમજ સહ આરોપીઓ ભેગા મળી મેળવી લેતા હોવાનું હાલ સુધીની તપાસ દરમ્યાન જણાય આવેલ હોય જેથી અરજદાર/આરોપીને જામીન મુક્ત નહી કરવા વિનંતી છે.

૩.૨) આ કામે હાલના અરજદાર/આરોપી તથા સહ આરોપીઓના બેંક એકાઉન્ટની માહિતીની તપાસ કરતા તેઓએ ભેગા મળી ફરીયાદમાં જણાવેલ બાર કસ્ટમરો સિવાય અન્ય પણ કસ્ટમરો સાથે આ પ્રકારની લોન મંજુર કરી લોનના પૈસા તેઓના ખાતામાં જમા નહી કરાવી તે નાણા અન્ય કસ્ટમરોના હપ્તા ભરવા તેમજ અન્ય કેડિટ કાર્ડના બિલો ભરેલાનું જણાઈ આવે છે જેથી તેઓએ આ નાણા કસ્ટમરોને નહિ આપેલ હોવાની શકયતા રહેલ હોય જેવા કસ્ટમરોની હાલમાં તપાસ ચાલુ હોય જે કસ્ટમરોના નામ આવ્યે તેઓની પુછપરછ કરતા આરોપીઓએ અન્ય નાણાની ઉચાપત કરેલ છે કે કેમ ? તે અંગે ખુલાશો થઈ શકે તેમ હોય જેથી અરજદાર/આરોપીને જામીન મુક્ત નહી કરવા વિનંતી છે.

૩.૩) વધુમાં,આ કામે હાલના અરજદાર/આરોપી તથા સહ આરોપીઓએ ભેગા મળી ફરીયાદમાં જણાવેલ બાર કસ્ટમરો સિવાય અન્ય પણ કસ્ટમરો સાથે આ પ્રકારની લોન મંજુર કરી લોનના પૈસા તેઓના ખાતામાં જમા નહી કરાવી ગુનાહિત વિશ્વાસઘાત કરેલ હોવાની શકયતા રહેલ હોય જેવા કસ્ટમરોની હાલમાં તપાસ ચાલુ હોય જે કસ્ટમરો આવ્યે મોટી ઉચાયત થયેલ હોવાનું જણાય આવતુ હોય જેથી અરજદાર/આરોપીને જામીન મુક્ત નહી કરવા વિનંતી છે.

૩.૪) વધુમાં, આ કામે હાલના અરજદાર/આરોપી તથા સહ આરોપીઓએ ભેગા કસ્ટમરોની લોન મંજુર કરી લોનના પૈસા જે ખાતાઓમાં ટ્રાન્સફર કરેલ છે તેના યુ.પી આઇ ટ્રાન્જેક્સનોની માહીતી બેંકમાંથી

મંગાવવામાં આવેલ હોય જે માહિતી આવેથી તેની તપાસ કરતા આ ગુનામાં ફરીયાદમાં જણાવેલ આરોપીઓ સિવાય અન્ય આરોપીઓ હોવાની શક્યતા નકારી શકાય તેમ ન હોય આ ગુનાની તપાસ હાલમાં ચાલુ હોય જેથી થી અરજદાર/આરોપીને જામીન મુક્ત નહી કરવા વિનંતી છે.

૩.૫) વધુમાં, આ કામના અરજદાર આરોપીવાળાઓ આ ગુનાના કામે પકડાયેલ આરોપી કામીલખાનની પુછપરછ કરતા તેઓએ જણાવેલ છે કે તેઓના બેન્ક એકાઉન્ટનો ઉપયોગ હાલના અરજદાર આરોપી કરતા હોવાનુ જણાવેલ હોય જેથી આ બાબતે તપાસ ચાલુ હોય જેથી અરજદાર આરોપીને આગોતરા જામીન મુકત નહી કરવા વિનંતી છે.

૩.૬) વધુમાં, આ કામના અરજદાર/આરોપીને જામીન મુક્ત કરવામા આવશે તો કાયદાનું કોઈ ભાન રહેશે નહી ફરી વખત પણ આવા ગુનાઓ કરે તેવી પુરેપુરી શક્યતાઓ હોય જેથી અરજદાર/આરોપીને કાયદાનું ભાન કરાવવા સારુ જામીન મુક્ત નહી કરવા વિનંતી છે.

૩.૭) વધુમાં, આ કામના અરજદાર/આરોપીને જામીન મુક્ત કરવામાં આવશે તો સાહેદોને ડરાવી ધમકાવી લોભ પ્રલોભન આપી પુરાવા સાથે ચેડા કરી કરાવે તેવી પુરેપુરી શકયતા રહેલી હોય જેથી અરજદાર/આરોપીને જામીન મુક્ત નહી કરવા વિનંતી છે.

## (૪) અરજદાર/આરોપીના વિધ્વાન વકીલશ્રીની દલીલ::–

**૪.૧)** અરજદાર/આરોપી ઓ ના વિધ્વાન વકીલશ્રીએ દલીલોમાં જામીન અરજીની હકીકતોનું મોટા ભાગે પુનરાવર્તન કરેલ છે.

## (૫) વિધ્વાન એ.પી.પી.શ્રીની દલીલો::–

**૫.૧)** વિધ્વાન એ.પી.પી.શ્રીએ મુખ્યત્વે તપાસ કરનાર અમલદારના સોગંદનામાની હકીકતને સમર્થિત દલીલ કરેલ છે અને એવી રજુઆત કરેલ છે કે, અરજદાર/આરોપીને જામીન મંજુર કરવામાં આવશે તો

આવા ગુનાઓ કરવા વાળા અસામાજીક તત્વોને પ્રોત્સાહન મળે તેવી શકયતા રહેલ હોય અને આવા ગુનાનો વેગ વધે તેમ હોય અને જામીન મુકત થયેથી આરોપી નાસી ભાગી જઈ ટ્રાયલ સમયે નામદાર કોર્ટમાં હાજર ન રહે અને પ્રોસીકયુશન કેશને નુકશાન કરે તેમ હોય. સદર કામે તપાસ પ્રાથમિક તબકકે છે. જેથી અરજદાર/આરોપીને જામીન મુકત નહી કરવા અમારી વિનંતી છે.

**(૬) જામીન અરજી નિર્ણિત કરવાના કારણો ::–**

**૧.** અદાલતે કોઈપણ જામીન અરજીનો નિર્ણય કરતી વખતે આરોપી સામેનો પ્રથમદર્શનીય કેસ, ગુનાની ગંભીરતા, આરોપી સામેના ગુના અંગેની સજાની જોગવાઈ, આરોપીનો પૂર્વ ગુનાકીય ઈતિહાસ, આરોપી ટ્રાયલ સમયે હાજર રહેશે કે કેમ? આરોપીને જામીન ઉપર મુકત કરવામાં આવે તો સમાજ ઉપર પડનારી અસર અને તેની સાથે સાથે આરોપીની વ્યકિતગત સ્વતંત્રતાને લક્ષમા રાખી જામીન અરજીનો નિર્ણય કરવાનો હોય છે.

**૨.** આ કામમાં સુરેન્દ્રનગર સીટી 'બી' ડીવીઝન પોલીસ સ્ટેશન ગુ.ર. નં.૧૧૨૧૧૦૫૬૨૬૦૧૫૭/૨૬ થી બી.એન.એસ.કલમ– ૩૧૬(૫), ૫૪ મુજબનો ગુનો રજીસ્ટર થયેલ છે.

**૩.** સબબ કામે ઉભયપક્ષોની રજુઆત સાંભળી. કેસ પેપર્સ વંચાણે લીધા. રેકર્ડ જોતા, અરજદાર સામે બી.એન.એસ.કલમ–૩૧૬(૫), ૫૪ લગતનો આક્ષેપ છે.

**૪.** આ તબકકે નામ. એપેકસ કોર્ટે આગોતરા જામીન અરજી નકકી કરવા લગત નીચે મુજબના માર્ગદર્શક સિધ્ધાંતો ઠરાવેલ છે. Jai Prakash Singh Versus State Of Bihar 2012 (0) AIR(SC) 1676 Held that,....

"122. The following factors and parameters can be taken into consideration while dealing with the **anticipatory bail:**

i. The nature and gravity of the accusation and the exact role of the accused must be properly comprehended before arrest is made;
ii. The antecedents of the applicant including the fact as to whether the accused has previously undergone imprisonment on conviction by a Court in respect of any cognizable offence;
iii. The possibility of the applicant to flee from justice;
iv. The possibility of the accused's likelihood to repeat similar or the other offences.
v. Where the accusations have been made only with the object of injuring or humiliating the applicant by arresting him or her.
vi. Impact of grant of anticipatory bail particularly in cases of large magnitude affecting a very large number of people.
vii. The courts must evaluate the entire available material against the accused very carefully. The court must also clearly comprehend the exact role of the accused in the case. The cases in which accused is implicated with the help of sections 34 and 149 of the Indian Penal Code, the court should consider with even greater care and caution because over-implication in the cases is a matter of common knowledge and concern;
viii. While considering the prayer for grant of anticipatory bail, a balance has to be struck between two factors namely, no prejudice should be caused to the free, fair and full investigation and there should be prevention of harassment, humiliation and unjustified detention of the accused;
ix. The court to consider reasonable apprehension of tampering of the witness or apprehension of threat to the complainant;
x. Frivolity in prosecution should always be considered and it is only the element of genuineness that shall have to be considered in the matter of grant of bail and in the event of there being some doubt as to the genuineness of the prosecution, in the normal course of events, the accused is entitled to an order of bail.

૪.૧) સબબ કામે અરજી, તપાસના કામે રેકર્ડ વંચાણે લીધુ. ઉભયપક્ષોની

રજુઆત સાંભળી. આ કામે ત.ક.અમલદારનું એફીડેવીટ તથા રજુ પોલીસ પેપર્સને સંયુકત રીતે વંચાણે લેતા,..

**૫.** આ કામે જામીન અરજી ફરીયાદ, તથા પોલીસ તપાસના કાગળો તથા ત.ક.અમલદારે રજુ કરેલ એફીડેવીટ જોતાં, **આ કામના હાલના અરજદાર /આરોપીનુ ફરીયાદમા પહેલેથી જ નામ છે. વધુમાં, આરોપી વિરુધ્ધનો આક્ષેપ, બનાવમાં આરોપીની વર્તણુંક વિગેરે બાબતોને ધ્યાને લેતાં, આરોપીનો સદર ગુનામાં પ્રથમદર્શનીય રોલ જોતા, સદર ગુનાના કામે આરોપીની ગુનાના કામે મોડસ ઓપરેન્ડન્સી, ત.ક. અમલદારે તેઓના સોગંદનામામાં જણાવેલ છે કે, હાલના આરોપી વિરુધ્ધ તપાસ દરમ્યાન પુરતા પુરાવા પ્રથમદર્શનીય જણાઈ આવેલ.**

આમ, આ તબકકે હાલની તપાસના કામે ગુનાની ગંભીરતા, સજાની જોગવાઈ તથા સદર ગુનામાં આરોપીનો રોલ જોતા, આગોતરા જામીન આરોપીને આપવા આ તબકકે ન્યાયોચિત જણાતુ નથી. વધુમાં સદર કામે ગુનાની તપાસ પ્રાથમિક તબકકે છે. જેથી આ કામના આરોપીની જામીન અરજી લગત ન્યાયના હીતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**–:: હુ ક મ ::–**

૧.) અરજદાર/આરોપ **જુનેદભાઇ જાવેદભાઇ જીંદાણી**નાઓની આગોતરા જામીન અરજી આથી નામંજુર યાને રદ કરવામાં આવે છે.

આજ રોજ તારીખ ૦૯ મી માહે: માર્ચ સને ૨૦૨૬ નારોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

સુરેન્દ્રનગર
તા.૦૯/૦૩/૨૦૨૬

જીજ્ઞેશ વિષ્ણુભાઈ પટેલ
છઠ્ઠા એડીશ્નલ સેશન્સ જજ
સુરેન્દ્રનગર.(કોડ નં.જીજે ૦૦૯૬૦)